

નવું વર્ષ અત્યંત આશાસ્પદ, રાહત આપનારું અને પ્રગતિશીલ રહે. ગત વર્ષ દરમિયાન જે માનસિક અને શારીરિક મુશ્કેલીઓ કે અડચણોનો સામનો કરવો પડ્યો હતો, તેમાંથી આ વર્ષે ધીમે-ધીમે મુક્તિ મળે. વિવિધ ક્ષેત્રોમાં ધારણા મુજબ કામકાજ આગળ વધતાં ઉત્સાહ અને આત્મવિશ્વાસમાં પણ વધારો થાય.

માનસિક સ્થિતિ : ડર કે આગે જીત હૈ...

વર્ષના પ્રારંભિક સમયગાળામાં અષ્ટમ રાહુના પ્રભાવને કારણે મનમાં ચિંતા, ઉદ્વેગ અને અશાંતિ રહી શકે. જો કે ૫ ડિસેમ્બર પછી રાહુનું રાશિ પરિવર્તન થતાં સ્થિતિમાં મોટો સુધારો થશે. અટકેલા મહત્ત્વનાં કાર્યોનો ઉકેલ આવતાં મન પ્રફુલ્લિત રહેશે અને કામ કરવાનો ઉત્સાહ વધશે. **૨૪ ઓગસ્ટથી ૭ ઓક્ટોબર દરમિયાન આવેશ કે ઉશ્કેરાટમાં આવીને કોઈ આવેગપૂર્ણ નિર્ણય ન લેવો.** આ સમયગાળામાં ધીરજ અને સંયમ રાખવો વધુ લાભદાયી રહેશે.

આરોગ્ય : જરા સંભલ કે...

આરોગ્યની દૃષ્ટિએ આ વર્ષ એકંદરે સારું રહે. જૂની કે વારસાગત બીમારીઓ નિયંત્રણમાં આવે અને સ્વાસ્થ્યમાં ક્રમશઃ સુધારો જોવા મળે. જો કે વર્ષારંભથી **૫ ડિસેમ્બર સુધી અષ્ટમ રાહુના કારણે અકસ્માત, પડી જવાથી ઈજા અથવા બીમારીને કારણે પથારીવશ થવાની સ્થિતિથી સાવચેત રહેવું.** ૧૩ ફેબ્રુઆરીથી ૧૫ માર્ચ દરમિયાન ચામડી અને આંખની તકલીફોમાં સાવધાની રાખવી. જ્યારે ૨૪ ઓગસ્ટથી ૭ ઓક્ટોબર દરમિયાન પીઠ-કમરનો દુખાવો, બ્લડ પ્રેશર, લોહીના વિકાર અથવા કોલેસ્ટ્રોલની સમસ્યા ધરાવતા લોકોએ ખાસ કાળજી રાખવી અને નિયમિત દવામાં બેદરકારી ન કરવી.

આર્થિક સ્થિતિ : નવી ઊંચાઇએ પહોંચશો

ગત વર્ષની સરખામણીએ આર્થિક સ્થિતિ વધુ સારી રહે. બચત કરવાની તક પણ મળે. વર્ષારંભે દિવાળીના સમયગાળા દરમિયાન અણધાર્યા ખર્ચને કારણે આવક કરતાં જાવક વધી શકે, પરંતુ **ડિસેમ્બર પછી આવકના નવા સ્ત્રોત ઊભા થતાં આર્થિક રાહત મળે.** જૂની ઉઘરાણીના નાણાં પરત મળવાથી માનસિક વ્યગ્રતા દૂર થાય. પરિવાર અને જીવનસાથીનો આર્થિક સહયોગ પણ મળે. ખાસ કરીને ૧૩ ફેબ્રુઆરીથી ૧૫ માર્ચ અને ૧૫ જૂનથી ૧૬ જુલાઈ દરમિયાન અજાણ્યા વ્યક્તિના ભરોસે રોકાણ ન કરવું. સાયબર ઠગી અને ફ્રોડથી વિશેષ સાવધ રહેવું.

ધંધાકીય : દસે દિશાઓમાં છે તક

વેપાર-ધંધા માટે આ વર્ષ નવી તકો અને પ્રગતિ લઈને આવે. ધંધાનો વિસ્તાર કરવો, નવી દુકાન કે શાખા ખોલવી અથવા ફ્રેન્ચાઈઝી શરૂ કરવા માટે સમય સાનુકૂળ રહે. **જૂનાં છૂટી ગયેલા ગ્રાહકો ફરી જોડાય અને નવા ઓર્ડર મળતાં આવકમાં વધારો થાય.** આયાત-નિકાસ તથા વિદેશી વેપાર સાથે જોડાયેલા જાતકો માટે પણ કામકાજ સરળતાથી આગળ વધે. જો કે ૨૪ ઓગસ્ટથી ૭ ઓક્ટોબર દરમિયાન મશીનરીની ખરાબી કે અન્ય અડચણોને કારણે કામ અટકી શકે અને ઓર્ડર સમયસર પૂરા કરવામાં મુશ્કેલી આવી શકે. ૧૫ જૂનથી ૧૬ જુલાઈ દરમિયાન નાણાંકીય લેવડદેવડમાં ખાસ સાવધાની રાખવી.

નોકરી/ધંધાકીય : નવું તો મળશે જ પણ જૂનું પણ તાજું થશે

નોકરિયાત વર્ગ માટે આ વર્ષ પ્રગતિકારક રહેશે. વર્ષના પ્રારંભમાં કેટલાક અગત્યના પ્રોજેક્ટ હાથમાંથી સરી જાય અથવા તેમાં વિલંબ થાય તેવી શક્યતા છે, પરંતુ ૫ ડિસેમ્બર પછી સ્થિતિ સંપૂર્ણપણે સાનુકૂળ બને. **ગુરુ અને શનિના શુભ પ્રભાવથી નવી અને ઉત્તમ તક મળી શકે.** આપેલા ઇન્ટરવ્યુમાં પ્રગતિ થાય અથવા ભૂતકાળમાં છીનવાઈ ગયેલા પ્રોજેક્ટ્સ અને જવાબદારીઓ



ફરી પ્રાપ્ત થઈ શકે. નવી જગ્યાએ જોડાતાં પહેલાં તમામ પાસાઓ ચકાસી લેવા અને ઉતાવળે નિર્ણય લેવાને બદલે ચર્ચા-વિચારણા કરીને આગળ વધવું.

કુટુંબ અને પ્રેમસંબંધો : ખુશીઓ રાહ જોઇ રહી છે

પારિવારિક જીવન માટે સંવત ૨૦૮૩ સુખદ રહેશે. **જમીન, મકાન કે વાહન ખરીદવાના ઉત્તમ યોગ બની રહ્યા છે.** સંતાન વગરના નવદંપતીઓ માટે સંતાનપ્રાપ્તિના શુભ યોગ ઊભા થાય અને સંતાનોના અભ્યાસ તથા કારકિર્દી સંબંધિત પ્રશ્નો પણ ઉકેલાય. અવિવાહિત જાતકો માટે લગ્નના પ્રસ્તાવ મંજૂર થવાના યોગ છે. ૫ ડિસેમ્બર પછી વર્ષના અંત સુધી વખતોવખત દામ્પત્યજીવનમાં નાની-મોટી નોકઝોક મતમતાંતર થઈ શકે, પરંતુ તેને અહમનો પ્રશ્ન બનાવવો નહીં. ધીરજ અને સમજદારી અને સમજાવટથી વિવાદોનું નિવારણ લાવી શકાય . **લગ્નબાહ્ય સંબંધોની બાબતમાં સાચવવું.**

શિક્ષણ : મહેનતનાં ફળ મીઠાં જ છે

વિદ્યાર્થીઓ માટે આ વર્ષ સફળતાદાયી અને મહત્ત્વપૂર્ણ રહે. મહેનતના પ્રમાણમાં ઉત્તમ પરિણામ મળતાં ઉત્સાહ અને આત્મવિશ્વાસ વધે. **ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવા ઇચ્છતા વિદ્યાર્થીઓની કાર્યવાહીમાં પ્રગતિ થાય.** કેમ્પસ ઇન્ટરવ્યુ દ્વારા અગ્રણી કંપનીઓમાં પસંદગીના યોગ પણ બને. જો કે ૨૪ ઓગસ્ટથી ૭ ઓક્ટોબર દરમિયાન મિત્રવર્ગને કારણે અભ્યાસમાં વિક્ષેપ ન પડે અને બીમારી કે અકસ્માતને કારણે અભ્યાસમાં અડચણ ન આવે તેની ખાસ કાળજી રાખવી.

કોર્ટ-કચેરીના મામલા : નો સ્પીડબ્રેકર

વર્ષ દરમિયાન કાનૂની બાબતોમાં ગુરુના સાનુકૂળ પ્રભાવને કારણે સરળતા અને અનુકૂળતા આવે. જો કોઈ કોર્ટ-કચેરીનો મામલો ચાલતો હોય તો તેમાં પ્રગતિ થવાની શક્યતા. **જો કે ૧૫ જૂનથી ૧૬ જુલાઈ દરમિયાન કાયદાકીય પ્રક્રિયાઓમાં ખાસ સાવચેતી રાખવી,** જેથી કોઈ મુશ્કેલીમાં ફસાવું ન પડે.

સરકારી કામકાજ : વક્ત આપકે સાથ

સરકારી કામકાજ અને અટકેલી સરકારી પ્રક્રિયાઓમાં **ગુરુના સાનુકૂળ પ્રભાવને કારણે સરળતા આવે.** સરકારી યોજનાઓનો સમયસર લાભ મળવાની શક્યતા. જો કે ૧૫ જૂનથી ૧૬ જુલાઈ દરમિયાન સરકારી બાબતોમાં જરૂરી દસ્તાવેજો અને પ્રક્રિયાઓ અંગે ખાસ સાવચેતી રાખવી.

પ્રવાસ : દરિયાપાર..ખુશીઓ અપરંપાર

વેપાર અને નોકરી સંબંધિત મુસાફરીઓ ફળદાયી રહે. **નોકરી કરતી મહિલાઓ માટે કંપની તરફથી વિદેશ પ્રવાસ માટે પસંદગી થવાના યોગ છે.** ઉચ્ચ શિક્ષણ તથા વિદેશી વેપાર માટેના પ્રવાસ સાનુકૂળ રહે. જો કે ૨૪ ઓગસ્ટથી ૭ ઓક્ટોબર દરમિયાન વિદેશ સંબંધિત કાગળિયાં અને કાર્યવાહીમાં સાવધાની રાખવી.

સ્ટોક માર્કેટ : બાબુજી ધીરે ચલના

ગુરુ અને શનિના સાનુકૂળ ગોચરને કારણે આર્થિક લાભ મેળવી શકો. પરંતુ ડિસેમ્બર સુધી રાહુના પ્રભાવને ધ્યાનમાં રાખીને જોખમી સ્પેક્યુલેશનથી દૂર રહેવું. ખાસ કરીને ૧૫ જૂનથી ૧૬ જુલાઈ દરમિયાન કોઈ **અજાણ્યા વ્યક્તિની ટીપ્સ પર આંધળો વિશ્વાસ કરીને રોકાણ ન કરવું.** યોગ્ય અભ્યાસ અને ધૈર્ય સાથે કરવામાં આવેલું લાંબા ગાળાનું રોકાણ લાભદાયી રહે.

(શીર્ષક પંક્તિઃ રઈશ મણિયાર)

> **“ મળે છે હીરા એને ક્યારેક ક્યારેક,
> જે પ્રત્યેક કંકર ઉઠાવી જુએ છે.”**

મુખ્ય ગ્રહોની સ્થિતિ અને તેની અસરો

● **ગુરુની અસર:** સંવત ૨૦૮૩માં ગુરુનું ભ્રમણ સમગ્ર વર્ષ દરમિયાન આપના માટે સાનુકૂળ રહે. **ગુરુની શુભ દૃષ્ટિના કારણે અટકેલાં કામો પાર પડે,** નવી અને ઉત્તમ તકો પ્રાપ્ત થશે તથા કારકિર્દી અને પારિવારિક જીવનમાં મંગળકારી વાતાવરણ સર્જાય.

● **શનિની અસર:** શનિ વર્ષના પૂર્વાર્ધમાં ૨ જૂન સુધી મીન રાશિમાં અને ત્યારબાદ વર્ષના અંત સુધી મેષ રાશિમાં ભ્રમણ કરે. કર્ક રાશિનાં જાતકોને શનિની નાની કે મોટી પનોતી નથી. **શનિનું આ ભ્રમણ પણ સાનુકૂળ રહે અને કાર્યક્ષેત્રમાં સ્થિરતા તથા સફળતા મેળવવામાં મદદરૂપ બને.**

● **રાહુની અસર :** વર્ષના પ્રારંભમાં ૫ ડિસેમ્બર સુધી અષ્ટમ રાહુના પ્રભાવને કારણે કેટલીક મુશ્કેલીઓ અને અડચણો રહી શકે છે, જે મહેનત કરાવે પરંતુ **૫ ડિસેમ્બર પછી રાહુનું રાશિ પરિવર્તન થતાં અષ્ટમ રાહુના બંધનમાંથી મુક્તિ મળે. ત્યાર બાદનો સમય રાહત લઈને આવે,**